*This Question Paper contains 12 Printed Pages.*

| પ્રશ્ન પેપરનો સેટ નંબર Set N. of QuestionPaper |
|---|
| 1 |

Sl. No. 153747

# N-01(G)

**(MARCH, 2012)**

## PART - A

***Time : 75 minutes]*** ***[Maximum Mrks : 50***

**સૂચનાઓ :-**

(1) નીચે આપેલા **50** હેતુલક્ષી પ્રશ્નો આ ભાગમાં આપ્યા છે જો કે બધા જ ફરજિયાતં છે.

(2) નીચે આપેલા પ્રશ્ન નંબર **1** થી **50** સુધી છે દરેક પ્રશ્ન **1** ગુણનો છે.

(3) આપને અલગથી આપેલ **O.M.R.** પત્રકમાં જે તે પ્રશ્ન નંબર સામે (A) ○, (B) ○, (C) ○, (D) ○ આપેલ છે. તે પ્રશ્નનો જે જવાબ સાચો હોય તેના વિકલ્પની પાસે દર્શાવેલ ○(વર્તુળ) ને પેનથી પૂર્ણ ઘટ્ટ ● કરવાનું રહેશે.

**1** થી **50** પ્રશ્નોના નીચે આપેલા 4 જવાબો પૈકી સાચો વિકલ્પ પસંદ કરી સાચા વિકલ્પનો ક્રમ અક્ષસર સીટમાં પેનથી ઘટ્ટ કરવું. (પ્રત્યેકનો **1** ગુણ)

**1.** વીશીવાળા મહારાજની કેવી સમસ્યા હતી?

(A) કન્યા કદરૂપી હતી. (B) કન્યા જરા નાની અને નીચી હતી.

(C) કન્યાને રાંધતાં આવડતું નહોતું. (D) કન્યા પરણવાનું ના પાડતી હતી.

**2.** 'ચક્ષુઃ શ્રવા' વાર્તાના લેખક કોણ છે?

(A) ચંદ્રકાન્ત બક્ષી (B) ચંદ્રકાન્ત મહેતા

(C) ચંદ્રકાન્ત શેઠ (D) ચંદ્રકાન્ત શાહ

**3.** છકડો દોડતો રહે છે તો શું દોડતું રહે છે?

(A) પૈસા (B) વૃક્ષો

(C) નસીબ (D) ગિલાના બાપ

**4.** નર્મદના મતે કુકર્મને કોની સાથે કશોય સંબંધ નથી?

(A) કુસંગ સાથે (B) અનીતિ સાથે

(C) લખવા-વાંચવા સાથે (D) હરવા-ફરવા સાથે

**5.** કાચ, ઘડિયાળ, સત્યની પેઠે ટાઈમટેબલ કેવી વસ્તુ છે?

(A) ચકચકાટ (B) સ્વચ્છ

(C) પારદર્શક (D) નાજુક

**6.** વૃક્ષોનઈન્કાર એ કોનો ઈન્કાર છે?

(A) જીવન ચેતનાનો (B) જંગલનો

(C) લાકડાંનો (D) સર્જનહાર ઈશ્વરનો

**7.** પુરાત જોશી કયા ઉપનામથી ઓળખાય છે?

(A) સુન્દરમ્ (B) માય ડિયર જયુ

(C) સારસ્વત (D) દર્શક

**8.** 'વીન્ઝ ઓફ ફાયર' નું ગુજરાતી અનુવાદ ધરાવતું પુસ્તક એટલે ---

(A) અગન પંખ (B) અંબર પંખ

(C) અશ્વ પંખ (D) અલક પંખ

**9.** ''શતણુ માણુસ લાભત નાહિ'' એટલે ---

(A) ગાંડા માણસો ખૂબ જીવે.

(B) ડાહ્યું માણસ વધારે ન જીવે.

(C) ડાહ્યા માણસો લાંબુ જીવે.

(D) ડાહ્યા માણસોને કશો લાભ ન થાય.

**10.** ઝાડપર ઘા મારવા જતા મજૂરને ચકુ રોકે છે, કારણ કે ----

(A) ચકુને એ ઝાડ વેચવું નહોતું.

(B ચકુ અને તેની બહેનપણીઓને એ ઝાડ ખૂબ ગમતું હતું.

(C ચકુ માટે તે ઝાડ નહિ, પણ તેના પપ્પા હતા.

(D દાદાએ ચકુને રોકવા કહ્યું હતું.

**11.** 'પૃથેવીવલ્લભ' નવલકથાનો પ્રકાર ------- છે.

(A સામાજિક (B) પૌરાણિક

(C ધાર્મિક (D) ઐતિહાસિક

**12.** લેખક શૂલપાણેશ્વરને કયા રાજ્યનું નાકું કહે છે?

(A) મધ્યપ્રદેશનું (B) ગુજરાતનું

(C) મહારાષ્ટ્રનું (D) સૌરાષ્ટ્રનું

**13.** અબ્દુલ કલામને તેમના બનેવી શું કહીને બોલાવતા?

(A) કલામ (B) બહાદુર

(C) નાઈક (D) આઝાદ

**14.** ''અહીં કાંઈ પૈસાનાં ઝાડ છે, તે તોડી આપું !''

આ ઉક્તિ કોણ કોને કહે છે?

(A) ડોહા ગિલાને (B) સ્વામી મજૂરને

(C) મુંજ તૈલપને (D) પિતાજી મણિલાલને

**15.** વિજ્ઞાનશિક્ષક શિવસુબ્રમણ્યા ઐયર સ્વભાવે કેવા હતા?

(A) રૂઢિચુસ્ત (B) શાંત અને સરળ

(C) ગુસ્સાવાળા (D) બળવાખોર

**16.** હરિના જન શેની ઇચ્છા રાખે છે?

(A) ભવોભવ સૌને મળવાની (B) જનમોજનમ માનવ અવતારની

(C) સ્વર્ગમાં જવાની (D) મોક્ષ પ્રાપ્ત કરવાની

**17.** ''જીવન નાશવંત છે'' વાત કઈ પંક્તિ દ્વારા સમજાવવામાં આવી છે?

(A) 'આવરદા વશ સર્વ, કાળ સૌ કોને ખાશે'

(B) 'જળ પીએ જીવે નહીં, પલક ન રહે જળ પાસ'

(C) 'નવાણ પીતું હોયે નીર, જીવજંતુ કયમ ધરે શરીર ?'

(D) 'ખળું ખાતું હોય જો અન્ન, તો જીવે નહીં એકે જંન'

**18.** 'ઝઘડો લોચન-મનનો' કાવ્યનો સાહિત્યપ્રકાર કયો છે?

(A) સોનેટ
(B) ગરબી
(C) ભજન
(D) લોકગીત

**19.** પાનબાઈ અને ગંગાસતી વચ્ચે શો સંબંધ છે?

(A) નણંદ-ભાભી
(B) મા-દીકરી
(C) સાસુ-વહુ
(D) પિતા-પુત્રી

**20.** 'હીરાની પરીક્ષા' કાવ્યના કવિ કોણ છે?

(A) ધીરા રતનજી ભટ્ટ
(B) ધીરા પ્રતાપ બારોટ
(C) ધીરા વાલા બ્રહ્મભટ્ટ
(D) ધીરા શામળ ભટ્ટ

**21.** યુધિષ્ઠિર જુગારના આમંત્રણની ચર્ચા માટે સહદેવને કેમ બોલાવતા નથી?

(A) સહદેવ ઘમંડી હતો.
(B) સહદેવ સૌથી મોટો હતો.
(C) સહદેવ સૌથી નાનો હતો.
(D) સહદેવ આરામમાં હતો.

**22.** 'સોનેટ ના પિતા' તરીકે કોણ ઓળખાય છે?

(A) બ.ક. ઠાકોર
(B) બળવંતરાય મહેતા
(C) ક.મા. મુનશી
(D) મકરન્દ દવે

**23.** કવિને તેમના પ્રશ્નનો નકારમાં કોણ જવાબ આપે છે?

(A) સ્વજનો
(B) પ્રકૃતિનાં તત્વો
(C) મિત્રો
(D) દુશ્મનો

**24.** કવિની પ્રભુદર્શનની ઝંખના ક્યારે સંતોષાઈ ?

(A) નવજાત બાળકીને પયપાન કરાવતી માતાની વાત્સલ્યભરી આંખો જોઈને

(B) પવિત્ર ગંગાનદીમાં સ્નાન કરીને

(C) અડસઠ તીર્થધામોની જાત્રા કરવાથી

(D) મંદિરના ગર્ભગૃહની મૂર્તિ જોવાથી

**25.** કવિના મતે 'ઊંઘતા' એટલે ----

(A) અભિમાની (B) રાત-દિવસ સૂઈ રહેલા

(C) અજ્ઞાનના અંધકારમાં ઊંઘતા (D) પલંગમાં સૂઈ રહેલા

**26.** ''દેહ નાશવંત છે'' સમજાવવા કવિ કયું રૂપક પ્રયોજે છે?

(A) ઉછળતા સિક્કાનું (B) વધેલા નખનું

(C) દેહરૂપી કિલ્લાનું (D) ભડભડ બળતા કૃષ્ણના રથનું

**27.** 'કુંજલડી' નો કાવ્યપ્રકાર કયો છે?

(A) લોકગીત (B) લોકકથા

(C) સોનેટ (D) ગરબો

**28.** કવિએ સંતોને ધૂપસળી સાથે સરખાવ્યા છે, કારણ કે સંતો -----

(A) ધૂપસળીની જેમ ઓછું જીવે છે.

(B) બીજાના સુખ માટે જાત ઘસી નાખે છે.

(C) ધૂપસળીની જેમ સૂકલા હોય છે.

(D) ધૂપસળીની જેમ તેમનામાંથી સુગંધ મળે છે.

**29.** કવિ 'દંભી' અને 'બેશરમ' કોને કહે છે?

(A) પોતાની પત્નિને (B) પોતાના હૈયાને

(C) પોતાના મિત્રોને (D) વહેતા ઝરણાને

**30.** નીચેનામાંથી કયા કાવ્યનો પ્રકાર ગઝલ છે?

(A) તપાસીએ (B) તીર્થોત્તમ

(C) જૂનું પિયરઘર (D) અતિજ્ઞાન

**31.** શબ્દસમૂહ માટે એક શબ્દ આપો.

કરેલા ઉપકારને ભૂલી જનાર

(A) કૃતઘ્ની (B) કૃતજ્ઞી

(C) કૃતાર્થ (D) કૃતનિશ્ચયી

**32.** <u>નવરાત્રિ</u> અને <u>દશેરા</u> શબ્દમાં કયો સમાસ છે?

(A) તત્પુરુષ (B) કર્મધારય

(C) દ્વિગુ (D) ઉપપદ

**33.** ''હૈયું જાણે હિમાલય'' પંક્તિ કયો અલંકાર દર્શાવે છે?

(A) રૂપક (B) ઉત્પ્રેક્ષા

(C) અનન્વય (D) ઉપમા

**34.** નીચેનામાંથી કયું ઉદાહરણ ઉપમા અલંકાર ધરાવતું નથી?

(A) દમયંતિનું મુખ ચંદ્ર જેવું છે.

(B) બળતા અંગાર સમી તેની આંખો સ્થિર થઈ.

(C) ઊંઘતાને પાયે જગની જેલ.

(D) ક્યારેક ચાંદી શી ઝળહળાં થતી નદીને જોતો.

**35.** 'બેસી ખાટે પિયર ઘરમાં જિંદગી જોઈ સારી' છંદ ઓળખાવો.

(A) મંદાક્રાન્તા (B) પૃથ્વી

(C) સ્ત્રગ્ધરા (D) ચોપાઈ

**36.** છંદના આઠગણનું મુખ્ય બંધારણ-સૂત્ર કયું છે?

(A) મ ભ ન ત ત ગા ગા

(B) ય મા તા રા જ ભા ન સ લ ગા

(C) જ સ જ સ ય લ ગા ગા

(D) ય મ ન સ ભ લ ગા ગા

**37.** 'બે પાંદડે થવું' રૂઢિપ્રયોગ કયો અર્થ સૂચવે છે?

(A) બે પાંદડાં ભેગાં થવાં

(B) આર્થિક સ્થિતિ બગડી જવી

(C) બે મત ના હોવો

(D) આર્થિક સ્થિતિ સારી થવી

**38.** ''અમુક સમય વીતી ગયા પછી નવું કામ ન શીખાય'' - આવો અર્થ કઈ કહેવત ધરાવે છે?

(A) ઘરડી ઘોડી ને લાલ લગામ

(B) પાકે ઘડે કાંઠા ન ચડે

(C) ઉતાવળે આંબા ન પાકે

(D) એક સાંધીયે ત્યાં તેર તૂટે

**39.** નીચે આપેલા સમાનાર્થી પૈકી કયો વિકલ્પ ખોટો છે?

(A) સંદેહ - શંકા

(B) વદન - ચહેરો

(C) અભિશાપ - દુઆ

(D) કપાળ - ભાલ

**40.** ''શાકભાજી'' અર્થ સૂચવતો તળપદો શબ્દ શોધો.

(A) હટાણું (B) ઓચ્છવ

(C) બકાલું (D) અડાળી

**41.** વાક્યમાં છૂટા પડવાનો ભાવ કઈ વિભક્તિ દર્શાવે છે?

(A) સંપ્રદાન (B) કરણ

(C) અપાદાન (D) અધિકરણ

**42.** <u>બહેન</u> ! મારે તારી ક્ષમા માગવાની છે !
(રેખાંકિત પદ કઈ વિભક્તિ દર્શાવે છે?)

(A) કર્તા (B) અધિકરણ

(C) કર્મ (D) સંબોધન

**43.** ''આવું ટી.વી. ગામમાં ફક્ત બે જણને ઘેર છે.'' (નિપાત શોધો.)

(A) બે (B) ફક્ત

(C) છે (D) ઘેર

**44.** માણસો માખીઓની જેમ <u>મરતા</u> હતા.
(રેખાંકિત પદ કૃદંતનો કયો પ્રકાર સૂચવે છે?)

(A) વર્તમાન કૃદંત (B) ભૂત કૃદંત

(C) ભવિષ્ય કૃદંત (D) વિધ્યર્થ કૃદંત

**45.** આક્કાથી રડી પડાયું. (વાક્યનો પ્રકાર જણાવો.)

(A) ભાવે રચના (B) કર્તરિ રચના

(C) પ્રેરક રચના (D) પુનઃ પ્રેરક રચના

**46.** ''મારાથી ગીત ગવાય છે'' આ વાક્યનું કર્તરિ વાક્ય શોધો.

(A) મારા વડે ગીત ગવાશે (B) મેં ગીત ગવડાવ્યું

(C) મેં ગીત ગાયું (D) મારાથી ગીત ગવાયું

● નીચેનો ગદ્યખંડ વાંચી તેની નીચે આપેલા પ્રશ્નોના સાચા જવાબ દર્શાવતા વિકલ્પ શોધો.

''આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો. ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા જેવી બાબતોએ આપણને લગભગ નિર્માલ્ય બનાવી દીધા છે. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની, પોલાદી સ્નાયુઓની. હવે મર્દ બનાવનારા ધર્મની ને શિક્ષણની આપણને જરૂર છે. તમને જે કાંઈ નિર્બળ બનાવે તેને ઝેર ગણીને છોડી દો. એ સાચી હોઈ શકે જ નહિં.''

**47.** લેખક પોતાની જાતમાં શું પ્રગટાવવાનું કહે છે?

(A) આત્મશ્રદ્ધા (B) રહસ્ય વિદ્યા

(C) ગુપ્તવિદ્યા (D) નિર્માલ્યતા

**48.** આજે આપણને શેની જરૂર છે?

(A) સમૃદ્ધિની

(B) નિર્બળતાની

(C) પોલાદી સ્નાયુઓ અને પોલાદી જ્ઞાનતંતુઓની

(D) ગુપ્તવિદ્યાની

● નીચે આપેલ કાવ્યાંશ વાંચીને તેની નીચે પૂછેલા પ્રશ્નોના યોગ્ય જવાબવાળા વિકલ્પ દર્શાવો.

ઓચિંતુ કોઈ મને રસ્તે મળે
  ને કદી ધીરેથી પૂછે કે કેમ છો?
આપણે તો કહીયે કે દરિયા શી મોજમાં
  ને ઉપરથી કુદરતની રહેમ છે.
ફાટેલાં ખિસ્સાની આડમાં મૂકી છે અમે
  છલકાતી મલકાતી મોજ
એકલો ઊભું ને તોય મેળામાં હોઉં એવું
  લાગ્યા કરે છે મને રોજ

**49.** કોઈ પૂછે કે કેમ છો? પ્રશ્નનો કવિ શો ઉત્તર આપે છે?

(A) જીવનમાં સુખી છું.

(B) જીવનમાં દરિયા જેવી મોજ ને કુદરતની રહેમ છે.

(C) અપાર આનંદ છે.

(D) એકલા ઊભા છીએ.

**50.** કવિએ મોજને ક્યાં મૂકી છે?

(A) હૈયાના ખિસ્સામાં (B) તેમના ફાટેલા ખિસ્સાની આડમાં

(C) અંતરના આનંદમાં (D) મેળામાં

# N-01(G)

(MARCH, 2012)

## PART - B

*Time : 2 Hours]* *[Maximum Marks : 50*

**સૂચનાઓ :-**

(1) આ પ્રશ્નપત્રમાં કુલ **ચાર** વિભાગ છે.

(2) **બધા જ** પ્રશ્નો ફરજિયાત છે. અને વિકલ્પો આંતરિક છે.

(3) જમણી બાજુનાં અંક પ્રશ્નનાં ગુણ દર્શાવે છે.

(4) વિરામચિહ્નો, જોડણી, ભાષાશુદ્ધિ, હાંસિયા, સ્વચ્છતા વગેરે તરફ વિશેષ ધ્યાન આપવાનું રહેશે.

## SECTION - A

● નીચેના પ્રશ્નોના દસ-બાર વાક્યમાં મુદ્દાસર જવાબ લખો. **4**

**1.** 'જક્ષણી' વાર્તાનો ચમત્કારીક અંત તમારા શબ્દોમાં લખો.

**અથવા**

**1.** મુંજનું પાત્રાલેખન કરો.

● નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો. **4**

**2.** પિતાજીને કંઈક જોઈએ છે એવી ખબર ગિલાને કેવી રીતે પડતી?

**3.** મધ્યપ્રદેશ અને ગુજરાતને લેખક મા ની ગોદ સાથે કેમ સરખાવે છે?

**અથવા**

**3.** આકાની ચોપડી પકડવાની રીત લેખકને શા માટે ગમતી ન હતી?

● નીચેના પ્રશ્નોના આઠ-દસ વાક્યમાં મુદ્દાસર ઉત્તર લખો. **3**

**4.** 'મન નો ડગે' કાવ્યના આધારે ગંગાસતીએ વર્ણવેલા સાચા હરિજનનાં લક્ષણો વર્ણવો.

**અથવા**

**4.** 'જીવન નાશવંત છે' ચોપાઈનાં દૃષ્ટાંતો સહ સ્પષ્ટ કરો.

● નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં જવાબ લખો. **4**

**5.** સહદેવને કઈ વાતનું દુઃખ હતું? શા માટે તે પોતાને કૃતઘ્ની માને છે?

**6.** 'ભક્તિ પદારથ' પદનું વક્તવ્ય સ્પષ્ટ કરો.

**અથવા**

**6.** બુદ્ધિએ મન અને લોચનના ઝઘડાનો ન્યાય કેવી રીતે કર્યો?

## SECTION - B

● નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો : **5**

**7.** આજે આપણને આપણી પ્રગતિ પ્રત્યે અહો-અહો થઈ રહ્યું છે. જોત જોતામાં કેટલું વિજ્ઞાન ખેડાયું છે અને ઝપાટાબંધ ખેડાતું જાય છે. પંદર મિનિટમાં સમગ્ર સૃષ્ટિમાં ભયંકર ઉલ્કાપાત મચાવી શકાય તેટલે સુધી વિજ્ઞાનનો વિકાસ થશે એવા ભણકારા વાગે છે. પુરાણોએ ભગવાનનો મહિમા ગાતા કહ્યું છે, 'તેની ભ્રૂકુટિનાં વિલાસ માત્રથી બ્રહ્માંડનો પ્રલય થાય છે.' આ સિદ્ધિ તો આજે માણસના હાથમાં આવવા લાગી છે. ચંદ્ર અને મંગળ, ગુરુ તથા શનિ સાથે સંપર્ક સાધવા સુધીની કળા વૈજ્ઞાનિકો શોધી કાઢશે એવી ઉમીદ આવી છે. ભોગ, સિદ્ધિ અને રોગના ઇલાજ શોધાઈ રહ્યા છે. હિંસા કરવાના અને તેની સામે બચવાના પણ નવા નવા માર્ગો ખોળાય છે. પણ રોગ, ઘસારો અને હિંસાને જીવનમાં સ્થાન ન મળે, ન પોતાને લાગે, ન બીજાને હાનિ પહોંચે, એવી જાતના જીવનના નિયમો શોધવા અને તેને અનુકૂળ સંસ્કૃતિને ખીલવવાની બુદ્ધિ હજુ શોધાઈ નથી.

**8.** નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો : **5**

સ્વતંત્ર પ્રકૃતિ તમામ,
એક માનવી જ કાં ગુલામ?

**અથવા**

**8.** સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

## SECTION - C

**9.** ''ખેલ મહાકુંભ'' અભિયાન અંતર્ગત તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવની વિગતો દર્શાવતો પત્ર તમારા મિત્રને લખો. **5**
(નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.)

**10.** ''વૃક્ષો જીવતા-જાગતા દેવ છે'' આ ભાવના સાકાર કરવા તમારા ગામમાં ઉજવાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **5**

**6.** 'ભક્તિ પદારથ' પદનું વક્તવ્ય સ્પષ્ટ કરો.

**અથવા**

**6.** બુદ્ધિએ મન અને લોચનના ઝઘડાનો ન્યાય કેવી રીતે કર્યો?

## SECTION - B

● નીચે આપેલ ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી, તેને યોગ્ય શીર્ષક આપો : **5**

**7.** આજે આપણને આપણી પ્રગતિ પ્રત્યે અહો-અહો થઈ રહ્યું છે. જોત જોતામાં કેટલું વિજ્ઞાન ખેડાયું છે અને ઝપાટાબંધ ખેડાતું જાય છે. પંદર મિનિટમાં સમગ્ર સૃષ્ટિમાં ભયંકર ઉલ્કાપાત મચાવી શકાય તેટલે સુધી વિજ્ઞાનનો વિકાસ થશે એવા ભણકારા વાગે છે. પુરાણોએ ભગવાનનો મહિમા ગાતા કહ્યું છે, 'તેની ભૃકુટિનાં વિલાસ માત્રથી બ્રહ્માંડનો પ્રલય થાય છે.' આ સિદ્ધિ તો આજે માણસના હાથમાં આવવા લાગી છે. ચંદ્ર અને મંગળ, ગુરુ તથા શનિ સાથે સંપર્ક સાધવા સુધીની કળા વૈજ્ઞાનિકો શોધી કાઢશે એવી ઉમીદ આવી છે. ભોગ, સિદ્ધિ અને રોગના ઇલાજ શોધાઈ રહ્યા છે. હિંસા કરવાના અને તેની સામે બચવાના પણ નવા નવા માર્ગો ખોળાય છે. પણ રોગ, ઘસારો અને હિંસાને જીવનમાં સ્થાન ન મળે, ન પોતાને લાગે, ન બીજાને હાનિ પહોંચે, એવી જાતના જીવનના નિયમો શોધવા અને તેને અનુકૂળ સંસ્કૃતિને ખીલવવાની બુદ્ધિ હજુ શોધાઈ નથી.

**8.** નીચે આપેલી પંક્તિઓનો આશરે પંદર વાક્યોમાં અર્થવિસ્તાર કરો : **5**

સ્વતંત્ર પ્રકૃતિ તમામ,
એક માનવી જ કાં ગુલામ?

**અથવા**

**8.** સફળતા જિંદગીની હસ્તરેખામાં નથી હોતી
ચણાયેલી ઈમારત એના નકશામાં નથી હોતી.

## SECTION - C

**9.** ''ખેલ મહાકુંભ'' અભિયાન અંતર્ગત તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવની વિગતો દર્શાવતો પત્ર તમારા મિત્રને લખો. **5**
(નામ, સરનામું કે સહીનો ઉલ્લેખ કરવો નહિ.)

**10.** ''વૃક્ષો જીવતા-જાગતા દેવ છે'' આ ભાવના સાકાર કરવા તમારા ગામમાં ઉજવાયેલ વૃક્ષારોપણ કાર્યક્રમનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો. **5**

## SECTION - D

**11.** નીચેનો ગદ્યાંશ ભાષાશુદ્ધિની દષ્ટિએ સુધારીને ફરીથી લખો. **3**

આજે જ્યારે મહૂડાઓને રૂપ બદલીને ઊભા રહી ગયેલો જોઉં છું ત્યારે પેલાં પૈસાના ઝાડ મનમાં ઊગી નીકળે છે, થાય છે કે ચાલો, પૈસાનાં ઝાડ ના જોવા મળ્યાં તો ખેર પણ આજે સોનામાં ઝાડ તો જોવા મળ્યા ! ને એ વૃક્ષોની હારમાળાઓ ---- ઝુંડ ---- ભરચક મેદાનો ! તમે દેવગઢ બારિયા જોયું છે

**12.** કૌંસમાં આપેલી સૂચના મુજબ રેખાંકિત ભાગમાં પરિવર્તન કરી પરિચ્છેદ ફરીથી લખો. **4**

ભગવાન શંકરનું ખૂબજ પ્રસિદ્ધ પામેલ (શબ્દસમૂહ માટે એક શબ્દ લખો.) મંદિર, જેના કારણે રામેશ્વરમ (સંધિ છોડો.) યાત્રાળુઓ માટે પવિત્ર ધામ બન્યું હતું , અમારા ઘરથી દસ મિનિટના અંતરે હતું. અમારો વિસ્તાર મહદ્અંશે મુસ્લિમ કૂટુમ્બોનો (જોડણી સુધારો.) હતો ----- ત્યાં થોડા હિન્દુઓ પણ રહેતા હતા. (સંયોજક મૂકો.)

● **ગમે તે એક** વિષય ઉપર મુદ્દાઓ પર આધારિત આશરે 250 શબ્દોમાં નિબંધ લખો. **8**

**13.** નારી તું નારાયણી !

(1) પ્રસ્તાવના
(2) નારીની સમાજમાં ગણના
(3) સામાજિક રીત-રિવાજનો ભોગ બનેલી નારી
(4) પુરુષ સમોવડી નારી
(5) ઉપસંહાર

**અથવા**

**13.** ''મોંઘવારીનો માર -----
નથી આવતો તેનો પાર ----''

(1) પ્રસ્તાવના
(2) મોંઘવારી શું છે?
(3) વધવાનાં કારણો
(4) મધ્યમવર્ગની સ્થિતિ
(5) મોંઘવારીનાં ક્ષેત્રો
(6) સરકારની ભૂમિકા
(7) સમાપન